**DATE: 21/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# ઝઘડિયા GIDCમાં દુકાનમાં વિદેશી દારૂનું વેચાણ કરનાર મહિલા વિરુધ્ધ ગુનો નોંધાયો

ઝઘડિયા : ઝઘડિયા સ્થિત જીઆઈડીસીની સરદારપુરા ચોકડી નજીક દુકાન ગલ્લામાં ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરનાર મહિલા સામે ગુનો નોંધાયો હતો. ઝઘડિયા જીઆઈડીસી પોલીસમાંથી મળતી વિગતો મુજબ જીઆઈડીસી પીએસઆઈ પી. કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમને પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળેલ કે સરદારપુરા ચોકડી નજીક દુકાન ગલ્લો ચલાવતા સંગીતા વસાવા પોતાના ગલ્લા પર ઈંગ્લીશ દારૂનું વેચાણ કરે છે. પોલીસે સદર જગ્યાએ રેઈડ કરતા ગલ્લામાંથી રૂા. ૬૧૭૪ ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૯ મળી આવી હતી.પોલીસે મહિલા વિરુધ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં વિદેશી દારૂ ઝડપાવાની આ ઘટનાને પગલે તાલુકામાં દેશી વિદેશી દારૂ સાથે સંકળાયેલ બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો.

**DATE: 21/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ફોઈના ઘરે જવા નીકળતા રસ્તો ભૂલી પડી

# અંકલે.થી ગુમ થયેલ બાળકનું પરિવારની સાથે સુખદ મિલન

ભાસ્કરન્યૂઝ।અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે થી ગુમ થયેલ બાળકનું પરિવારજનો સાથે વાલિયા પોલીસે મિલન કરાવ્યું હતું. બે દિવસ પૂર્વે ફોઈ ના ઘરે જવા નીકળ્યા બાદ રસ્તો ભૂલી સગીરા વાલિયાના રૂંધા ગામે પહોંચી ગઈ હતી. એક અજાણી બાળકી મળી આવી હોવાની માહિતી વાલિયા પોલીસ મળતા પોલીસે સ્થળ પર પહોંચી બાળકી વિશ્વાસ કેળવી માહિતી મેળવી પરિવાર સાથે મિલન કરાવી આપ્યું હતું. વાલિયા પોલીસ મથકની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી એ દરમ્યાન વાલિયા તાલુકાના રૂંધા ગામે એક અજાણી બાળકી મળી આવી હોવાની માહિતી પોલીસને મળતા પોલીસકર્મીઓએ ગામમાં પહોંચી બાળકીની પૂછતાછ કરતા ખુલાસો થયો હતો.બે દિવસ પૂર્વે ફોઈ ના ઘરે જવા નીકળ્યા બાદ રસ્તો ભૂલી સગીરા વાલિયાના રૂંધા ગામે પહોંચી ગઈ હતી. આ બાળકી અંકલેશ્વર ગડખોલ પાટિયા બ્રીજ નીચે પોતાની દાદી સાથે રહેતી હોય અને તે ગડખોલ પાટિયા બ્રિજ નીચેથી બે દિવસ પહેલા પોતાની ફોઈના ઘરે જવા માટે નીકળી હતી અને રસ્તો ભુલી જતા ચાલતી ચાલતી ગામમાં પહોંચી હોવાનું બહાર આવતા પોલીસે બાળકીનું તેની દાદી સાથે મિલન કરાવ્યું હતું.

**DATE: 21/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રૂ. 1લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

# રતનપોર ગામે જુગાર રમતા 4 જુગારીઓ રંગેહાથ ઝડપાયા

ભાસ્કરન્યુઝ | ભરૂચ

ભરૂચના રાજપારડી પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર એચ.બી.ગોહિલની સુચનના આધારે પોલીસકર્મીઓ પેટ્રોલિંગમાં હતા એ દરમ્યાન બાતમી મળી હતી કે રતનપોર ગામની સીમમાં આવેલ અમર સિલીકા પ્લાટની પાછળ બાવળની ઝાડીઓમાં ખુલ્લી જગ્યામાં કેટલાંક ઈસમો જુગાર રમે છે જેના આધારે પોલીસે દરોડા પાડતા 4 જુગારીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાય ગયા હતા.પોલીસે ઐયુબ કુરલ રહે.આશિયાના નગર કીમ તા.ઓલપાડ, શરીફ પીંજારા રહે. માન દરવાજા બંબા ગેટ ઝુપડપટ્ટી સુરત જી.સુરત,રૂપસીંગભાઈ વસાવા રહે.તળાવ ફળિયુ સિમોદ્રા તા.ઝઘડીયા જી.ભરૂચ અને સુમનભાઈ ભીખાભાઈ વસાવા રહે.ઉપલું ફળિયુ કરાડ તા.ઝઘડીયા જી.ભરૂચની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.1 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### જાહેરનામાનો ભંગ કરનાર ત્રણ પકડાયા

# દધેડા ગામે મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા બંધ હાલતમાં

ઝઘડિયા, તા. ૨૦ ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથક વિસ્તારમાં જાહેરનામા ભંગ હેઠળ ત્રણ વ્યક્તિ સામે ગુનો નોંધાયો હતો.

# પોલીસ નોંધણી વિના મકાન અને દુકાન ભાડે આપનાર બે વ્યક્તિ સામે ગુનો દાખલ

ઝઘડિયા જીઆઈડીસી પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન દધેડા ગામે આવેલી આશાપુરા મેડિકલની દુકાનમાં ચેકિંગ કરતા દુકાનમાં મૂકેલ સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હતા. દુકાનમાં હાજર મળેલા દશરથભાઈ ભીખાભાઈ ચૌધરી હાલ(રહે. ગામ દધેડા તા. ઝઘડિયા) ને પૂછતા જણાવ્યું કે દુકાન ભાડાની હોવાનું તેમજ તેનું સંચાલન સુમેરસિંહ નારણસિંહ દેવડા હાલ (રહે. ગડખોલ પાટિયા તા. અંકલેશ્વર) અને (મૂળ રહે. બનાસકાંઠા) છે. દુકાનમાં રાખેલા સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હોઈ પોલીસે સુમેરસિંહ નારણસિંહ દેવડા વિરૂધ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો દાખલ કર્યો હતો.

દધેડા ગામે મકાન અને દુકાન ભાડે આપી સ્થાનિક પોલીસમાં નોંધણી નહિ કરાવનાર બે મકાન માલિકો વિરૂદ્ધ ગુના દાખલ કર્યા હતા, જે મુજબ દધેડા ગામે પોતાનું મકાન પરપ્રાંતીય ઈસમને પોલીસ નોંધણી નહિ કરાવનાર મકાન માલિક નસરીન પરવેઝએહમદ શેખ (રહે.અંકલેશ્વર) ના વિરૂદ્ધ જાહેરનામા ભંગ હેઠળ ગુનો દાખલ કર્યો હતો, જ્યારે મકાન ભાડુઆત જાહેરનામા ભંગની બીજી ફરિયાદ મુજબ સુરતના નુરૂલએલ જાકિરહુશેન પટેલે દધેડા ગામે આવેલ તેમની માલિકીનું મકાન પરપ્રાંતિય ઈસમને ભાડે આપીને તેની નોંધ સ્થાનિક પોલીસ મથકમાં કરાવી નહિ હોઈ પોલીસે સદર મકાન માલિક વિરૂદ્ધ જાહેરનામા ભંગ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

**DATE: 21/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ઝઘડિયાના અનુપમ નગરમાં

# મકાન ભાડે આપી બે મકાન માલિકે પોલીસ નોંધણી ન કરાવી

ઝઘડિયા, તા. ૨૦

મકાન ભાડે આપી પોલીસમાં નોંધણી નહિ કરાવનાર બે મકાન માલિકો વિરુધ્ધ જાહેરનામા ભંગ હેટળ ઝઘડિયા પોલીસ મથકે ગુના દાખલ કરવામાં આવ્યો છે.

## બંને મકાન માલિક સામે જાહેરનામાના ભંગ હેઠળ ગુનો દાખલ

ઝઘડિયા પોલીસે જાહેરનામાનો ભંગ કરનાર બે મકાન માલિકો વિરુધ્ધ ગુના દાખલ કર્યા હતા. પીઆઈના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પરપ્રાંતીય વસાહતોમાં ચેકિંગ ઝુંબેશ હેઠળ ચેકિંગ કરતા અનુપમ નગર સોસાયટીમાં એક મકાનમાં રહેતા ભાડુઆતને પૂછતા તે છેલ્લા ૧ વર્ષથી ભાડે રહેતો હોવાનું જણાવેલુ હતુ. મકાનના માલિક સાજીદ ભાઈ વલીદીન ભાઈ શેખ (રહે.ગામ ઉમલ્લા) મકાન ભાડે આપી પોલીસમાં નોંધણી કરાવી ન હતી.તેના વિરુધ્ધ પોલીસે જાહેરનામા ભંગ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જાહેરનામા ભંગની અન્ય ઘટના મુજબ અનુપમ નગર સોસાયટીમાં મકાન ધરાવતા મકાન માલિક હેમંતભાઈ શ્યામલાલ પાટીદાર (રહે.ગામ નાનાસાંજા તા. ઝઘડિયા)એ મકાન અન્યને ભાડે આપી તેની નોંધણી સ્થાનિક પોલીસમાં નહીં કરાવતા તેના વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 22/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ગેરકાયદે હેઝાર્ડસ વેસ્ટની ૮ મહિના જુની ઘટનામાં

# અંકલેશ્વરની સિધ્ધિ સમ્રાટ કેમિકલના બે સંચાલકો સહિત ચારની ધરપકડ

અંકલેશ્વર, તા. ૨૧

આમોદ પોલીસે ખોટા જી.એસ.ટી.બીલ બનાવી ગેરકાયદેસર રીતે હેઝાર્ડ વેસ્ટ નિકાલની ઘટનામાં અંકલેશ્વરની સીધ્ધી સમ્રાટ ડાય કેમિકલ કંપનીના સંચાલક સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

## ગત તા. ૨૭ જુને આમોદ નજીક સરભાણ ગામની સીમમાં હેઝાર્ડસ વેસ્ટ કેમિકલ ખાલી કરતુ ટેન્કર ઝડપાયુ હતુ

આમોદ પોલીસ દ્વારા અંકલેશ્વર જીઆઈડીસીની સીધ્ધી સમ્રાટ ડાય કેમિકલ પ્રા.લી. કંપનીના માલિક ધવલ કાંતી કંટારીયા, નિલેશ જમનાદાસ ભુત સહિત અન્ય બે સાગરીતોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કંપનીનું એક ટેન્કર ગત તા.૨૭ જુન ૨૦૨૪ના રોજ આમોદ નજીક સરભાણ ગામની સીમમાં હેઝાર્ડસ વેસ્ટ કેમિકલ ખાલી કરતા ઝડપાયુ હતુ જે અંગેની તપાસ આમોદ પોલીસ કરતી હતી.

ટેન્કરમાંથી મળી આવેલ હેઝાર્ડ વેસ્ટની એફ.એસ.એલ તપાસણીમાં એસીડિક માત્રા જણાઈ આવી હતી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની તપાસણીમાં પણ એસીડિક માત્રાનું પ્રમાણ જણાઈ આવ્યુ હતુ. જી.એસ.ટી. બીલોની ચકાસણી કરાવતા સંપુર્ણ ખોટા બીલો ખરા તરીકે ઉપયોગ કર્યા હોવાનુ જણાઈ આવતા આમોદ પોલીસે કંપનીના બે માલિકો ઉપરાંત હેઝાર્ડસ વેસ્ટ ભરનાર ઓપરેટર જયંતી જેસંગ ધામોર તથા ટેન્કર ચાલક આનંદ નટવર પરમારની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ઝઘડિયા તાલુકાના ચાર પોલીસ મથક વિસ્તારમાં

# મકાન ભાડે આપી પોલીસમાં નોંધણી નહિ કરાવનાર ૧૪ સામે ગુના નોંધાયા

## ૧૪ મકાન માલિકો વિરુદ્ધ જાહેરનામા ભંગના ગુના દાખલ

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના ચાર પોલીસ મથકો દ્વારા મકાન ભાડુઆત જાહેનામા ભંગના ગુના હેઠળ કુલ ૧૪ મકાનમાલિકો વિરુધ્ધ ગુના દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે મળતી વિગતો મુજબ ઝઘડિયા જીઆઈડીસી પોલીસ ટીમે દધેડા ગામે મકાન ભાડે આપી તેની નોંધણી પોલીસ મથકમાં નહિ કરાવનાર ૩ મકાનમાલિકો વિરુધ્ધ ગુના દાખલ કર્યા હતા,તે મુજબ મકાન માલિકો રફ્યુિદીન મલેક રહે.દધેડા તા.ઝઘડિયા,નારણભાઈ વસાવા રહે.દધેડા,મદનલાલ મારવાડી રહે.દધેડા તા.ઝઘડિયાના વિરુધ્ધ મકાનો અન્યને ભાડે આપીને તેની નોંધણી પોલીસ મથકમાં નહિ કરાવેલ હોઈ તેમની સામે ગુના દાખલ કર્યા હતા.

જ્યારે ઝઘડિયા પોલીસ ટીમે તપાસ દરમિયાન જીજ્ઞેશ નારણભાઈ પટેલ રહે.ફુલવાડી તા.ઝઘડિયા,અર્જુન મગનભાઈ વસાવા રહે.ગામ ફુલવાડી તા.ઝઘડિયા,ઠાકોરભાઈ મોહનભાઈ વસાવા રહે.ગામ ફુલવાડી તા.ઝઘડિયા,સુશીલાબેન રણછોડભાઈ વસાવા રહે.ગામ મોટાસાંજા તા.ઝઘડિયા,પ્રફુલભાઈ ભરતભાઈ પટેલ રહે.ગામ ફુલવાડી તા.ઝઘડિયાના વિરુધ્ધ મકાન અન્યને ભાડે આપીને પોલીસમાં નોંધણી નહિ કરાવેલ હોઈ આ મકાનમાલિકો વિરુધ્ધ જાહેરનામા ભંગ હેઠળ ગુના નોંધવામાં આવ્યા હતા,

જ્યારે રાજપારડી પોલીસ ટીમે તપાસ દરમિયાન મકાનમાલિકો ઘનશ્યામભાઈ મગનભાઈ મિસ્ત્રી રહે.ગામ રાજપારડી તા.ઝઘડિયા, કોકિલાબેન અશોકભાઈ પાટીલ રહે.ગામ રાજપારડી તા.ઝઘડિયા,ઝાકીરભાઈ અહેમદભાઈ ગોહિલ રહે.ગામ રાજપારડી તા.ઝઘડિયા,મૈયુદીન અહેમદભાઈ શેખ રહે.ગામ નવીતરસાલી તા.ઝઘડિયા, ગણેશભાઈ મનુભાઈ પટેલ રહે.ગામ રાજપારડી તા. ઝઘડિયાના વિરુધ્ધ મકાન ભાડુઆત જાહેરનામા ભંગ હેઠળ ગુના દાખલ કર્યા હતા,

જયારે ઉમલ્લા પોલીસ ટીમે તપાસ દરમિયાન મકાનમાલિક અબ્દુલઅજીજ ઈલિયાસભાઈ ખત્રી મુળ રહે.ગામ ઉમલ્લા અને હાલ રહે.અંકલેશ્વરના વિરુધ્ધ ઉમલ્લા ગામે અન્યને મકાન ભાડે આપીને પોલીસમાં તેની નોંધણી નહિ કરાવવા બદલ ગુનો દાખલ કર્યો હતો.

**DATE: 22/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# નેત્રંગમાં ૩ ખેતર માલિક અને એક દુકાન માલિક સામે ગુનો દાખલ

નેત્રંગ, તા. ૨૧

પરપ્રાંતીય ઓને દુકાન તેમજ ખેતર ભાડે આપી પોલીસ સ્ટેશનમાં નોંધણી નહિ કરાવનાર ત્રણ ખેતર માલિકો અને દુકાન માલિક વિરૂધ્ધ જાહેરનામા ભંગ હેઠળ નેત્રંગ પોલીસ મથકે ગુના દાખલ કરવામાં આવ્યો છે.

## ખેતર અને દુકાન ભાડે આપ્યા બાદ ભાડુઆતની વિગતોની પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવી નહતી

ઉડી ગામના મંદિર ફળીયામાં રહેતા (૧) જેઠાભાઈ હરિભાઈ વસાવાએ ગોપાલભાઈ મંગાભાઈ પ્રજાપતિ ઉ.વ.30 હાલ (રહે જેઠાભાઈ ના ખેતરમા તા.નેત્રંગ જી.ભરૂચ મુળ રહે માંજરોત તા.શીરપુર જી.ધુલીયા મહારાષ્ટ્ર). (૨) કિરણભાઈ ધીરૂભાઈ વસાવા (રહે મંદિર ફળીયું ઉડી તા.નેત્રંગ જી.ભરૂચ નાઓએ સુનિલભાઈ રામાભાઈ પ્રજાપતિ હાલ રહે કિરણભાઈ ના ખેતરમા તા.નેત્રંગ જી.ભરૂચ મુળ રહે માંજરોત તા.શીરપુર જી.ધુલીયા મહારાષ્ટ્ર (૩) લક્ષ્મણભાઈ કાલીદાસ ઉર્ફે કાલીયો વસાવા (રહે મોરીયાણા તા.નેત્રંગ જી.ભરૂચ નાઓ એ અલ્કેશભાઈ કિશોરભાઈ પ્રજાપતિ હાલ રહે લક્ષ્મણભાઈ ના ખેતરમાં મુળ રહે મુ.તા.પાનસેમલ જી.બળવાની-મધ્યપ્રદેશ.) (૪) રમણભાઈ દેવજીભાઇ રહે ચાસવડ નાઓએ ચેતનભાઈ ભેરૂભાઈ ગુર્જૅર (રહે ચાસવડ મુળ રહે આસીદ તા.આસીદ જી.ભીલવાડા - રાજસ્થાન) ત્રણે ઈસમોને પુછતા જણાવેલ કે ખેતર ભાડે રાખી ઈંટોના ભઠ્ઠા ચલાવીએ છીએ. જો કે ખેતરના માલિકોએ ખેતર ભાડે આપી પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવી ન હતી જ્યારે એક દુકાન ભાડેથી ચાલતી હતી તેના માલિકે પણ તેની નોંધણી કરાવી નહતી. આ આ ચાર લોકો સામે જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરવામાં આવતા ફફડાટ વ્યાપ્યો છે.

**DATE: 23/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# અંકલેશ્વરમાં વોન્ટેડ બુટલેગર ઝડપાયો

અંકલેશ્વરઃ ભરૂચ એલસીબી પોલીસે ગત તા.19/6/2024ના રોજ દઢાલ ખાતેથી કુલ રૂ.296407ની મતાનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ દારૂ અંકલેશ્વરના રીઢા બુટલેગર નેવિલ ગાંધી દ્વારા લાવવામાં આવ્યો હતો.

જેને પોલીસે જે-તે સમયે વોન્ટેડ જાહેર કર્યો હતો. દરમિયાન આ ગુનામાં ભરૂચ એલસીબી પોલીસે બુટલેગર નેવિલ ગાંધીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ખટોદરાનો વોન્ટેડ આરોપી ઝઘડિયાથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસી પોલીસે સુરત જિલ્લાના ખટોદરા પોલીસ મથકમાં નંધાયેલાં ગુનામાં નાસતાફરતા આરોપીને ઝડપી લીધો હતો.પીએસઆઇ પી.કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે સુરતના ખટોદરા પોલીસ સ્ટેશનમાં નંધાયેલ ગુના હેઠળ છેલ્લા ચાર વર્ષથી નાસતાફરતા આરોપી સોએબખાન પઠાણને મળેલ બાતમીના આધારે ઝઘડિયા જીઆઇડીસી વિસ્તારમાંથી ઝડપી લઇને કાર્યવાહી કરી હતી.

**DATE: 23/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# JCI -પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર : અંકલેશ્વરભરૂચ પોલીસ અને જેસીઆઈ અંકલેશ્વર દ્વારા સાયબર સુરક્ષા વિષય પર જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. સાયબર માફીયાઓ લોકો સાથે છેતરપિંડી સહિતના ષડ્યંત્રો કરતા હોય છે ત્યારે લોકોમાં આ અંગે જાગૃતિ આવે તે હેતુસર ભરૂચ પોલીસ અને જેસીઆઈ અંકલેશ્વર દ્વારા અંકલેશ્વરના ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર ખાતે જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર આર. એચ.વાળા અને સાઈબર ક્રાઈમ પોલીસના મલકેશ ગોહિલ દ્વારા લોકોને કઈ રીતના સતર્ક રહી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ પ્રસંગે જેસીઆઈ અંકલેશ્વરના વાઈઝ પ્રેસિડેન્ટ અમીત ગીરીયા, ડિરેક્ટર હરેશ પાટકર અને પ્રમુખ નેહા મોદી ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 23/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં પ્રોહિબીશનના ગુનામાં ૧૦ મહિનાથી વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર તા.૨૨

અંકલેશ્વરમાં સાત મહિના અગાઉ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંકલેશ્વરના રીઢા બુટલેગર નેવિલ ગાંધી દ્વારા લાવવામાં આવેલ મોટો દારૂનો જથ્થો બે અલગ અલગ પોલીસ સ્ટેશનની હદમાંથી ઝડપી પાડ્યો હતો.આ ગુનામાં નાસતા ફરતા આરોપી નેવિલ ગાંધીની અટકાયત કરવામાં આવી છે.

## બે સ્થળોથી ઝડપાયેલા રૂ. ૨.૯૬ લાખના દારૂના કેસમાં આરોપી નોવિલ ગાંધી ફરાર હતો

ભરૂચ એલસીબી પોલીસે ગત તા. ૧૯ જુન ૨૦૨૪ના રોજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ તેમજ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકની હદમાં આવેલ દઢાલ ખાતેથી કુલ રૂ.૨,૯૬,૪૦૭ નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.આ દારૂનો જથ્થો અંકલેશ્વરના રીઢા બુટલેગર નેવિલ ગાંધી દ્વારા લાવવામાં આવ્યો હતો જેને પોલીસે જે તે સમયે વોન્ટેડ જાહેર કર્યો હતો.દરમ્યાન આ ગુનામાં અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે બુટલેગર નેવિલ ગાંધીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### સીસીટીવી તથા ભાડુઓત સંદર્ભમાં પોલીસની સઘન તપાસ

# ઝઘડિયામાં ભાડૂઆતોની નોંધણી નહિ કરાવનારાઓ સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસી પીઆઈ પી.કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે પેટ્રોલિંગ દરમિયાન ચેકિંગ કરતા સેલોદ ગામે મકાન માલિક સંદીપ પટેલે અન્યને મકાન ભાડે આપીને પોલીસમાં નોંધણી નહિ કરાવેલ હોઈ તેના વિરુધ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો હતો.દધેડા ગામે આવેલ બાલાવત ફાર્મસી નામના મેડિકલ સ્ટોરમાં સીસી ટીવી કેમેરા લગાવેલ નહોય દુકાનના સંચાલક અશોકસિંહ કાનસિંહ વિરુધ્ધ જાહેરનામ ભંગનો ગુનો નોંધ્યો હતો,જ્યારે ધારોલી ગામ નજીક સોલાર પ્લાન્ટમાં કેમેરા લગાવેલ નહિ હોવાનું જણાતા પોલીસે સોલાર પ્લાન્ટના સાઈડ એન્જિનિયર તરીકે પ્લાન્ટનું સંચાલન કરનાર ઉદિત શુક્લાવિરુધ્ધ ગુનો દાખલ કર્યો હતો. ઝઘડિયા પીઆઈ એન.આર.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ચેકિંગ દરમિયાન અન્યને મકાન ભાડે આપીને તેની પોલીસમાં નોંધ નહિ કરાવનાર ત્રણ મકાનમાલિકો વિરુધ્ધ જાહેરનામા ભંગના ગુના દાખલ કર્યા હતા.

જે મુજબ ઝઘડિયા અભિલાષ સોસાયટીમાં મકાન સંચાલક ઠાકોર પટેલ તેમજ સ્વર રેસિડન્સી સોસાયટી ગામ ગોવાલી તા.ઝઘડિયા ખાતે મકાનમાલિક જીતેન્દ્ર ચૌહાણ જ્યારે સ્વર રેસિડન્સી સોસાયટી ગોવાલી ખાતે મકાન ધરાવનાર મકાનમાલિક ઓમપ્રકાશ ચૌહાણ વિરુધ્ધ મકાન ભાડુઆત જાહેરનામા ભંગ હેઠળ ગુના દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 24/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 3 લાખ ઉપરાંતના લોખંડના સળિયા ટ્રકમાં ભરી પલાયન થયા હતા

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટના સળિયા સગેવગે કરનાર 5 ટ્રક ડ્રાઈવરને ઝડપી લેવાયાં

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

અંકલેશ્વર તાલુકાના આલુજ ગામ ખાતે આવેલ એલ.એન.ટી કંપની ની બુલેટ ટ્રેન સાઈડ પર 5 જેટલી ટ્રક ના ચાલકો દ્વારા મહારાષ્ટ્ર રાયગઢ થી લોખંડ ના સળિયા ભરી અંકલેશ્વર આલુજ સાઈડ પર આવ્યા હતા. જે પૈકી 5 ટ્રકમાંથી ટ્રક ચાલક એ 4767 કિલો કિંમત રૂપિયા 3 ના સળીયા સગેવગે કરી દીધા હતા અને તેના વજન ના પથ્થર અને માટી ના કોથળા તુલ બોક્સ માં મૂકી વિશ્વાસઘાત કર્યો હતો. સી.જે ડાર્સલ લોજીસ્ટીક લિમિટેડ ટ્રાન્સપોર્ટ ના સિનિયર મેનેજર પવન કુમાર શર્મા દ્વારા પાનોલી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જે અંગે પાનોલી પી.આઈ. શિલ્પા દેસાઈ દ્વારા તપાસ શરુ કરી ગણતરીના સમયમાં ટ્રક ચાલક



રમેશ રાજેન્દ્ર ચૌધરી. પ્રશાંત કુમાર સિંગ વિજયબહાદુરસિંગ, હરિશંકર નારાયણ ઉપાધ્યાય, નિલેશ પાલ ગુરુદીનપાલ અને સતીષ ચંદ કામતા પ્રસાદ યાદવ ધરપકડ કરી હતી અને સળિયા ક્યાં સગેવગે કર્યા હતા તે અંગે પૂછપરછ શરુ કરી હતી.

**DATE: 24/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

### પરપ્રાંતીયોને મકાન - દુકાન ભાડે આપનારા સામે કાર્યવાહી

# ભરૂચમાં જાહેરનામાના ભંગ બદલ ૩૪૩ કેસ દાખલ કરતી SOG પોલીસ

### પોલીસની કાર્યવાહીથી પરપ્રાંતીયોને મિલકત ભાડે આપનારામાં ફફડાટ

| ભરૂચ |

ભરૂચ જિલ્લા પોલીસવડા દ્વારા જિલ્લાકાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જુદા જુદા પોલીસ મથકમાં સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હોય જે અનુસંધાને ભરૂચ જિલ્લાની એસ.ઓ.જી. ટીમ તથા વિવિધ જુદા જુદા ૨૬ પોલીસ મથકો દ્વારા તાજેતરમાં કલેકટરના જાહેરનામાના ભંગ બદલ પરપ્રાંતીય શખ્સોની ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં એસઓજી પોલીસે ચેકીંગ કામગીરી હાથ ધરી ૩૦૦ થી વધુ કેસ કર્યા છે.

ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર દ્વારા વિવિધ જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા જે અનુસંધાને ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં બહારથી આવી વસવાટ કરતા વ્યકિતઓને ઔદ્યોગિક એકમમાં ભાડેથી મકાન, દુકાન આપવામાં આવ્યા હોય તે તમામનો સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભરૂચ જિલ્લામાં ત્રાસવાદી અસામાજીક



તત્વો કોઈપણ પ્રકારનો આંતક ન ફેલાવે તે માટે સમગ્ર કાયદો અને વ્યવસ્થા સુરક્ષિત રહે તે માટે પણ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન મુજબ જુદા જુદા પોલીસ મથક દ્વારા જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિને અંજામ આપતા તત્વોને અંકુશમાં રાખવા માટે ભયજનક વ્યકિતઓને સચોટ માહિતી મેળવવા પોલીસ દ્વારા તા.૧૯-૪-૨૫ થી આજદીન સુધી સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી ગુનાખોરીને નાબુદ કરવા માટે ઔદ્યોગિક એકમોમાં ભાડેથી રહેતા લોકોની ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ કામગીરીમાં પરપ્રાંતીય શખ્સો જેઓને મકાન-દુકાન ભાડેથી આપી હોય તેનું સ્થાનિક પોલીસ મથકમાં નિયત ફોર્મ મુજબ જાણ કરવામાં ન આવતા આવા દુકાન અને મકાનના માલિકો વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલ કુલ ૩૪૩ ગુના દાખલ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૨૨૩ બી મુજબ એસઓજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### જીએનએફસી ટાઉનશીપ પાસે રિક્ષામાં વિદેશી દારૂ સાથે ચાર ઝબ્બે

# ભરૂચ એલસીબીએ 2 રિક્ષામાં જતો દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમ ભરૂચ શહેરમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી, કે અગાઉ વિદેશી દારૂના ગુનામાં પકડાયેલા હસમુખ રાઠોડ અને સાદીક શેખ નેશનલ હાઈવે પર મીણીયા થેલા ના પાર્સલમાં વિદેશી દારૂ ઉતારી રીક્ષાના મારફતે ભરૂચ શહેરમાં લાવવાના છે. જેથી જેવી માહિતી મળતા એલસીબીની ટીમે જીએનએફસી ટાઉનશીપના ઓવર બ્રીજ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમી વાળી બે રીક્ષા સહિત ચાર ઈસમોને ઝડપી પાડીને બંને રિક્ષાની તપાસ દરમિયાન મીણીયા થેલીના સેલોટેપ વિંટાળેલ પાર્સલો મળ્યા હતા. જેને તોડી તપાસ કરતાં તેમાં વિદેશી દારૂના 23 બોક્સ જેમાં 600 નગ દારૂની બોટલ મળી હતી. જેની કિંમત રૂપિયા 1,23,552 હતી. સાથે બે રીક્ષા ત્રણ મોબાઈલ મળી કુલ 3.34 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આરોપી હસમુખ રાઠોડ, સાદીક શેખ, રજાક દીવાન અને અબ્દુલ મેમણ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યાં જથો પહોંચાડવાનો હતો તે ઈસમ કૃણાલ પરમારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

**DATE: 25/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મુંબઇથી રાજસ્થાન જતી કારમાં મુસાફર તરીકે બેઠા

# બારમાંથી દારૂ લઈ ભાવનગર જતી મહિલા સહિત 4 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મુંબઈના બાંદ્રા વિસ્તારમાં આવેલાં બારમાંથી દારૂની બોટલોની ખરીદી કરીને ભાવનગર જઈ રહેલી મહિલા સહિત 4 આરોપીને અંકલેશ્વર પોલીસે ઝડપી પાડયો છે. ઈનોવામાં સામાન ભરેલી બેગમાં દારૂની બોટલો સંતાડવામાં આવી હતી. મહિલા સહિત 3 લોકો મુંબઈથી રાજસ્થાન તરફ જતી ઈનોવામાં મુસાફર તરીકે બેઠા હતાં. પોલીસે 66 હજારનો દારૂનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. મુંબઇ તરફથી આવતી એક ઈનોવામાં વિદેશી દારૂની બોટલોની હેરાફેરી થતી હોવાની બાતમી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને મળતાં મુલદ ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. ભાવનગરમાં રહેતા હિતેશ હિંમત રાઠોડ, સતીશ ખોડા સરધારા,વિપુલ જગદીશ રાઠોડ તેમજ અંજના રાઠોડની અટકાયત કરવામાં આવી હતી. તેમના સામાનની તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂની બોટલ મળી આવી હતી.ભાવનગરની મહિલા સહિતના 3 લોકોએ બાંદ્રા વિસ્તારના એક બારમાંથી દારૂની ખરીદી કરી હતી.

**DATE: 25/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# વરખડી ગામે ઘરમાં જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

નેત્રંગ તા.૨૪

**નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઇ ટીમ સાથે વિસ્તારમાં ગેરકાયદે ચાલતા પ્રોહીબિશન અને જુગારના કેસને શોધી કાઢવાની ઝુંબેશમાં હતા.**

## પોલીસે મુદ્દામાલ કબજે લીધો:બે જુગારી ફરાર

તા.૨૩ ના રોજ થવા આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાતમીના આધારે વરખડી ગામે નિશાળ ફળિયામાં શૈલેષ જયંતી વસાવાના ઘરની અડારીમાં કેટલાક શખ્સો ભેગ થઈ જુગાર રમી રહ્યા હતા.પોલીસે દરોડો પાડી જુગાર રમતા ચાર જુગારીને ઝડપી લીધા હતા.

જેમાં (૧) બીપીન શાંતિલાલ વસાવા (ઉ.વ.૨૪) (૨ ) કલ્પેશ સુરદાસ વસાવા (ઉ.વ.૩૦)(૩) ઉમેશ ગંભીર વસાવા (ઉ.વ.૨૯)( ૪) છત્રસીંગ દામણીયા વસાવા (ઉ.વ.૫૦) (તમામ રહે નિશાળ ફળીયુ વરખડી તા.નેત્રંગ જી. ભરૂચ)ને પકડી પાડ્યા હતા.પોલીસ અંગઝડતી કરતા રોકડા રૂ.૫૭૦ ,દાવ પર મૂકેલા રૂ.૩૩૦ મળી કુલ રૂ.૯૦૦ નો મુદ્દામાલ કબજે લઈ તમામની અટકાયત કરી હતી.

જ્યારે પોલીસને ચકમો આપી ફરાર થયેલા (૧) (૧) મિનેષ ગંભીર વસાવા અને (૨) સંતોષ ઈશ્રવર વસાવા ( બંને રહે વરખડી તા.નેત્રંગ જી.ભરૂચ ) બંનેને વોન્ટેડ જાહેર કરી નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી તમામ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 25/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# સંજાલી ગામે બાઈક ચોરી કરનાર વાહન ચોર ઝડપાયો

અંકલેશ્વર, તા. ૨૪

અંકલેશ્વર તાલુકાના સંજાલી ગામમાં રાત્રે ઘર આંગણે પાર્ક કરેલી યામાહા મોટર સાયકલ ની ચોરી કરનાર વાહનચોરને પાનોલી પોલીસે ઝડપી પાડ્યો હતો.

સંજાલી ગામની મસ્જીદ કોલોનીમાં રહેતા મનિષ દિનેશભાઇ સુરતીની ગત તા.૪થી એપ્રિલ ના રોજ ઘર આંગણે પાર્ક કરેલી યામાહા મોટર સાયકલની ચોરી અજાણ્યા વાહન ચોરે કરી પલાયન થઇ ગયો હતો. આ અંગે પાનોલી પોલીસે તપાસ ના ચક્રો ગતિમાન કર્યા હતા.

જોકે સુરત ગ્રામ્ય પોલીસે કોસંબા ગામના ચિશ્તી નગરમાં રહેતા ઈમરાન ખાન દિલવરખાનને વાહન ચેકીંગ દરમ્યાન આ ચોરીની બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. પાનોલી પોલીસે ટ્રાન્સફર વોરંટ થી વાહન ચોરનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જાહેર

**DATE: 26/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ફ્રોડ વિઝા કેસમાં વધુ એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબી પોલીસે વિઝા ફ્રોડ કેસમાં એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે મુખ્ય આરોપીને મદદ કરવાના આરોપમાં નીરવ સિધ્ધપુરાની ધરપકડ કરી છે. આરોપી છેલ્લા 9 મહિનાથી ફરાર હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી રાજકોટમાં છુપાયેલો છે.આરોપી નીરવ સિધ્ધપુરાએ વિઝા ફ્રોડના મુખ્ય સૂત્રધાર ભાવિન પરમારને સિમકાર્ડ અને મોબાઈલની મદદ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી રાજકોટમાં છુપાયેલો છે.પોલીસે રાજકોટના માધાપર ચોકડી નજીકથી આરોપીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 26/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ટ્રકમાં લઈ જવાતા ૬૨ બકરા પોલીસે મુક્ત કરાવ્યા

અંકલેશ્વર : અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે માંડવા ટોલનાકા નજીકથી ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવામાં આવતા ૬૨ બકરાઓને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓને બાતમી મળી હતી કે નેશનલ હાઈવે નંબર ૪૮ પર પશુઓને બાંધી કુર્તાપૂર્વક તેની હેરાફેરી કરવામાં આવી રહી છે. જેના આધારે પોલીસે માંડવા ગામ પાસે આવેલ ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા તેને રોકી તપાસ કરતા અંદર ક્રૂરતા પૂર્વક બાંધી રખાયેલા હાલતમાં ૬૨ બકરા મળી મળી આવ્યા હતા.પોલીસે ટ્રક ચાલક અને પાટણના સિદ્ધપુર ખાતે રહેતા કમરૂદ્દીન મયુદ્દીન નાગોરીની ધરપકડ કરી હતી જ્યારે ટ્રકમાં બકરા ભરાવનાર આરોપી મહેદીઅલીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ સામે પશુ ક્રૂરતા અધિનિયમ અંતર્ગત ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## બે બૂટલેગર ભાગી જતાં તપાસ હાથ ધરી

# વાલિયાના લુણામાં પોલીસના દરોડા, 2.89 લાખનો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

લુણા ગામનો લીસ્ટેડ બુટલેગર દિવસે તેના ઘરમાં દારૂનો જથ્થો ઉતારી અને સામેના ઘરમાં કટીંગ કરવા માટે હેરાફેરી કરતો હોવાની બાતમી મળતાં વાલિયા પોલીસે દરોડો પાડયો હતો. સ્થળ પરથી પોલીસને 2.89 લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. દારૂનો જથ્થો મંગાવનારા સહિત બે બુટલેગરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે. પીએસઆઈ કે.બી.ડોડીયા સ્ટાફ સાથે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે અરસામાં તેમણે બાતમી મળેલ લુણા ગામનો બુટલેગર જગદિશ ઉર્ફે જગો વસાવા વિદેશી દારૂનો જથ્થો મંગાવી તેને સંતાડી રહયો છે. જેથી પોલીસે દરોડો પાડયો હતો જેમાં પોલીસને જોઇ જગો ફરાર થઈ ગયો હતો. પોલીસે રમેશ વસાવાના ઘરમાં જઈ તપાસ કરતા ઘરમાંથી વિદેશી દારૂ તથા બિયરના ટીન મળી આવ્યાં હતાં. જેની કિંમત 2.89 લાખ રૂપિયા થવા જાય છે. પોલીસે ફરાર થઇ ગયેલાં બંને બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-03**

### પોલીસ આવાસમાં ૬૧ સુવિધાસભર રહેણાકનો સમાવેશ

# ભરૂચમાં નવર્નિમિત જેલ આવાસોનું લોકાર્પણ કરતા ગૃહમંત્રી હર્ષ સંઘવી

### ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સંકલન બેઠક યોજી

। ભરૂચ ।


ભરૂચની મુલાકાલે આવેલા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ કર્મીઓને માળખાકીય સુવિધાઓ મળે તે માટે નવર્નિમિત જેલ આવાસોનું લોકાર્પણ કર્યુ હતુ.

લોકાર્પિત થનાર પોલીસ આવાસમાં બી કક્ષાના ૫૨ જેટલા, સી કક્ષાના ૮ તથા ડી કક્ષાના ૧ કુલ ૬૧ સુવિધાસભર રહેણાંક આવાસનો સમાવેશ થાય છે. જ્યાં અંદાજિત રૂા.૧૮,૧૫,૬૬,૦૮૪ લાખના ખર્ચે બનાવવામાં આવ્યા છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે પોલીસ દળોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. આ ઈમારતો ગુજરાત પોલીસના કર્મચારીઓ અને તેમના પરીવારોને સુવિધાસંપન્ન અને આધુનિક આવાસ પ્રદાન કરીને તેમની જીવનશૈલીમાં પણ સુધારો કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ અધિક્ષકની કચેરી ભરૂચ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સંકલન બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની સમિક્ષા કરી વિવિધ માર્ગદર્શક સુચનો આપ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદીયા, સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય સર્વે રમેશ મિત્રી, અરૂણસિંહ રણા, ડી.કે.સ્વામી, પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મ વહીવટ ડો.કે.એલ.એન. રાવ, જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણા, જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા, અધિક નિવાસી કલેકટર એન.આર.ધાંધલ, જેલ અધિક્ષક, ઉચ્ચ અધિકારીઓ, પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT MITRA  PAGE-08**

# ઉમલ્લા-નર્મદા ચોકડી ખાતે ગેરકાયદે રેતી વહન કરનારી 4 ટ્રક ઝડપાઈ



ભરૂચ, ઝઘડિયાઃ ભરૂચ જિલ્લામાં ખનીજનું બિનઅધિકૃત વહન કરનારા સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. ભૂસ્તરશાસ્ત્રી ભરૂચની સૂચના અન્વયે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા શુક્રવારે સવારે ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ખાતે તેમજ ભરૂચના નર્મદા ચોકડી ખાતે આકસ્મિક ખનીજ વહન અંગેની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સાદી રેતી ખનીજના બિનઅધિકૃત વહન કરતાં કુલ ચાર વાહન GJ-06-AV-7283, GJ-16-Z-1826, GJ-16-AW-9769 અને DD-01-P-9496ને સીઝ કરી અંદાજિત કુલ રૂ.80 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઉમલ્લા પોલીસ સ્ટેશન તેમજ જિલ્લા સેવા સદન, ભરૂચ ખાતે ટ્રકને સોંપવામાં આવી છે. આ અંગેની નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે ખનીજનું ગેરકાયદે વહન કરનારાં તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-03**

### ભરૂચનો આરોપી સજા થયા બાદ ફરાર હતો

# ચેક રિટર્ન કેસમાં નાસતો ફરતો આરોપી ઝડપાઈ ગયો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટેના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના અનુસાર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ જિલ્લાની કોર્ટમાં સજા પામેલ આરોપીઓને ઝડપી પાડવા પ્રયત્નશીલ હતી તે દરમ્યાન બાતમીના આધારે ચેક રીટર્નની ફરિયાદમાં સજા થયેલા આરોપીને ઝડપી પાડયો છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચ જિલ્લાના પોલીસ અધિક્ષકની સુચના અનુસાર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળેલ કે વડોદરા કોર્ટમાં નેગોશીએબલ એકટ ૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબ આ કેસનો આરોપી મહંમદ જુબેર અબ્દુલ રસીદ મલેક રહે. મલેકવાડ, મસ્જીદ પાસે, છીપવાડ ભરૂચને વડોદરાની કોર્ટમાં ૧૨ મહિનાની સજા થયા બાદ નાસતો ફરતો હોય આથી ભરૂચ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ પોલીસને બાતમી અને હકીકત મળતા આરોપી વોન્ટેડ હોય તેને ઝડપી પાડવાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યુ હોય પરંતુ આરોપી સતત પોલીસના શંકજામાં આવતો ન હોય. ગત રાત્રિના તે પોતાને ઘરે આવેલ હોય તેવી ચોક્કસ બાતમી આધારે પોલીસે તેના ઘેર તલાસી લેતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેના ઘેર મલેકવાડ ખાતેથી ઝડપી લઈ આરોપીને પોલીસ હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઘરે આવતો લોકલ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દહેગામના ટોલનાકા પાસેથી પોલીસે 16 પશુઓ ભરેલી ટ્રક ઝડપી, 2ની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ ગ્રામ્ય પોલીસ ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે વેળા બાતમી મળી હતી કે નવાં એક્સપ્રેસ હાઈવે પરથી પશુ ભરેલ એક ટ્રક દહેગામ ટોલનાકા પર આવવાની છે. તેથી વોચ દરમિયાન આ ટ્રક ની તપાસ કરતાં ખીચોખીચ ભરેલી ભેંસ 14 ભેંસ એક પડી અને એક પાડો ભરેલો હતો. જેના માટે ખાવા ચારો કે પીવાના પાણીની સુવિધા પણ કરવામાં આવી હતી નહીં. ઈસમો પાસે પાસ પરમિશન નહીં હોવાના કારણે પકડાયેલ ઈસમો સહિત ટ્રક માલિક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રક માંથી 14 ભેંસ જેની કિંમત રૂપિયા 2.10 લાખ, એક પાળી જેની કિંમત રૂપિયા 10 હજાર અને એક પાડો જેની કિંમત રૂપિયા 20 હજાર તેમજ રોકડ 9500 ટ્રકની કિંમત 5 લાખ અને મોબાઈલ મળી કુલ 7.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ત્યાર બાદ પોલીસ વિભાગે પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાની કામગીરી હાથ ધરી હતી. જ્યારે ટ્રક ડ્રાઈવર સમીર ખાન પઠાણ મહેસાણા અને ક્લીનર-સોહિલમિયાં સેખ આણંદ સહિત ટ્રક માલિક અને ભેંસ મોકલનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



દહેગામ ટોલનાકા પાસેથી 14 ભેંસ ભરેલી ટ્રક પકડાઈ

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચ એસ.ઓ.જી.એ જિલ્લામાંથી 14 બાંગ્લાદેશી નાગરિકોને ડીટેઈન કર્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં 26 જેટલા પ્રવાસીઓના મોતની ઘટનાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયાં છે. ગુજરાતમાં પણ ગેરકાયદે રીતે રહેતાં બાંગ્લાદેશી નાગરિકોને શોધીને તેમને તેમના દેશ પરત મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ભરૂચ એસઓજીની ટીમે શહેર, જીઆઈડીસી તથા તાલુકા વિસ્તારમાંથી 14 જેટલા બાંગ્લાદેશી નાગરિકોને ડીટેઈન કર્યા છે. પીઆઇ આનંદ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમારી ટીમે વિવિધ વિસ્તારોમાં સર્ચ કરીને 14 બાંગ્લાદેશી નાગરિકોને ડીટેઈન કર્યા છે. તેમનું વિગતવાર નિવેદન લેવામાં આવ્યું છે અને અમને કેટલાક દસ્તાવેજો પણ મળી આવ્યાં છે. હાલ આ તમામને ડીટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે અને બાદમાં તેમને તેમના દેશમાં પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, શનિવારના રોજ સમગ્ર જિલ્લામાં એસઓજી તથા દરેક પોલીસ સ્ટેશનની ટીમ તરફથી વ્યાપક પ્રમાણમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢી તેમને પોલીસ સ્ટેશને લવાયાં હતાં.

**DATE: 27/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-03**

### ૯ મહિનાથી વૉન્ટેડ જાહેર કરાયો હતો

# ભરૂચમાં વિઝા ફ્રોડના ગુનામાં મદદગારી કરનારને ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા પોલીસ અધિક્ષકની સુચના હોય જે સુચનાના અનુસંધાને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ફ્રોડના ગુનામાં મદદગારી કરનારને રાજકોટ ખાતેથી ઝડપી પાડયો છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર એલસીબી પીઆઈ એમ.પી. વાળા અલગઅલગ ટીમ બનાવી વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સઘન પ્રયત્નો હાથ ધર્યા હતા. આ દરમીયાન ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સ્ટેશન વિઝા ફ્રોડના ગુનામાં મુખ્ય સુત્રધાર આરોપી છેલ્લા ૯ મહિનાથી વોન્ટેડ જાહેર થયા બાદ તેને મદદગારી કરનાર નિરવભાઈ જયંતિભાઈ રહે પ્લોટ નંબર ૨૪૫ ઝાકીર હુસેન કુલની સામે, રાજકોટ, હાલ રહે. મચ્છુનગર ટાઉનશીપ ફલેટનંબર એફ ૨૦૮ રૈયાધાર રાજકોટને, રાજકોટ ખાતેથી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝપડી પાડયો છે. આ ગુનામાં મુખ્ય આરોપી ભાવિન પંકજ પરમાર ફરાર હોય પોલીસે તેને મદદગારી કરનાર નીરવ સિદ્ધપુરાને ઝડપી લઈ ભાવિન પંકજ પરમારના સગડ મેળવવા સઘન પ્રયત્નો હાથ ધરીયા છે તેમજ આ ફ્રોડના ગુનામાં મદદગારી કરનાર નીરવ સિદ્ધપુરાને ઝડપી લઈ ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કરી આરોપીને કસ્ટડી મોકલી આપેલ છે.

**રાજકોટથી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડયો**